સે-૧૨ ખાતે જિલ્લાકક્ષાની એર રાઈફલ શૂટિંગ સ્પર્ધાનો પ્રારંભ

સેક્ટર-૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યાલય ખાતે ૨૬મી ડિસ્ટ્રીક્ટ રાઈફલ શૂટિંગ સ્પર્ધા કાર્યક્રમનો આજથી પ્રારંભ થયો હતો. સ્પર્ધામાં ૧૫૦થી વધુ સ્પર્ધકોએ આજે સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન સમારોહમાં ડૉ. જશવંતસિંહ રાઠોડ, મહેશભાઈ સોલંકી, હિતેન્દ્રસિંહ રાઠોડ, ગજેન્દ્રસિંહ બારડ, નટુભાઈ લાડાણી સહિતના ગાંધીનગર રાઈફલ ક્લબના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા આમ બે દિવસના કાર્યક્રમમાં ૩૦૦થી વધુ સ્પર્ધકો ભાગ લેશે.

(તસવીર : દીપક જાની)

દહેગામમાં ગરીબ કલ્યાણ મેળો યોજાયો

હરસોલી, તા. ૮

ગાંધીનગરના દહેગામ ખાતે પ્રાંત કક્ષાનો આઠમો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. જેમાં ૨૧૫૬ લાભાર્થીઓને રૂ. ૨.૭૮ કરોડની સાધન સહાયની ચુકવણી કરવામાં આવી હતી.

આ પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં મંત્રી દિલીપભાઈ ઠાકોરની ઉપસ્થિતિમાં લાભાર્થીઓને ઘરથાળ પ્લોટ સહાય, સરસ્વતી સાધના યોજના, માનવ કુટુંબ કલ્યાણ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ખેતીવાડીના ઓજારની સહાય સહિતની વિવિધ પ્રકારની કીટો અને ચેકો વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં જિલ્લા

કલેક્ટર રવિશંકર, કરણરાજ વાઘેલા, જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કાળુસિંહ, નૈલેશભાઈ શાહ, પૂર્વ ધારાસભ્ય કલ્યાણસિંહ ચૌહાણ, દહેગામના અગ્રણી સુમેરૂભાઈ અમીન, ચંદ્રેશ પટેલ, દહેગામ મામલતદાર વિરમભાઈ દેસાઈ, તુષાર જાની, સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સિવિલના સિનીયર મેડીકલ ઓફિસર ડૉ. હસમુખ નાયક બે વર્ષના એક્સટેન્શન પછી ગઈકાલે નિવૃત્ત થયા છે અને ૧૩મીથી તેઓ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જઈ રહ્યા છે.

● આજે ગરીબ કલ્યાણ મેળા માટે ૪૨ બસો ફાળવવામાં આવતાં સવારે મુસાફરોને બસોની તકલીફ પડી હતી.

● ગરીબ કલ્યાણ મેળા માટે લાભાર્થીઓને સવારે છ વાગે ગ્રામ્ય વિસ્તારમાંથી લઈ જવાયા હતા.

● મધુર ડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને રૂ. ૧૭ કરોડ ભાવ-તફાવતના ચૂકવી આપવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

● ગાંધીનગર જિલ્લા આયોજન અધિકારી શ્રી ડી.આર. દવેને ફરજ મોકુફી હેઠળ ઉતારી દેવામાં આવ્યા છે.

આજે બાલનગરીમાં કેપ્ટન એટેક ફેઈમ શિવા આવશે

ગાંધીનગરના ચ-૩ સર્કલ પાસે મોનસુન મહોત્સવ બાલનગરી ખાતે સાંજે ૭ વાગે બોલીવુડના ગુજરાતી વિલન અભિનેતા શિવા તેમનું પરફોર્મન્સ આપશે. આ ઉપરાંત બાલનગરીમાં અત્યાર સુધી યોજાયેલ તમામ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો આપી નવાજવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે બાલનગરીમાં ગુજરાતી બોલીવુડ કલાકાર શિવા પરફોર્મ કરવા આવ્યા હતા પરંતુ તે દિવસે નગરમાં ભારે વરસાદ હોવાથી તે કાર્યક્રમ મુલત્વી રાખવો પડ્યો હતો. શિવાએ અઢળક હિન્દી ફિલ્મોમાં કામ કર્યુ છે અને ખાસ કરીને અમિતાભ બચ્ચન સાથેની ફિલ્મ 'હમ'માં 'કેપ્ટન એટેક'ના પાત્રમાં શાનદાર અભિનયથી દર્શકોના દિલમાં સ્થાન મેળવ્યું હતું.

ગ્રીન સીટી ગાંધીનગરને સતત હરીયાળુ રાખવામાટે વૃક્ષારોપણ શ્રેષ્ઠ ઉપાય છે. ચોમાસાની સિઝન દરમિયાન વૃક્ષારોપણની સીઝન પણ પુરબહારમાં ખીલી છે. રોટરી કલબ ઓફ કેપીટલ દ્વારા સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

(તસવીર : દીપક જાની)

આજે પંડિત દિનદયાળના એકાત્મ માનવદર્શન સંદર્ભે રાષ્ટ્રીય સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં સે. ૧૦-એ ખાતે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ઓડીટોરિયમમાં તા. ૯મી ઓગષ્ટ રવિવારે સવારે ૯ થી સાંજના ૪ વાગ્યા દરમ્યાન એક રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદ ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ભારતીય વિચાર મંચના સંયુક્ત આયોજનથી યોજવામાં આવ્યો છે. જેમાં ગુજરાતના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી તેમજ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે.

''એકાત્મ માનવદર્શન : સામાજિક, શૈક્ષિક અને આર્થિક પરિપ્રેક્ષ્ય'' વિષયે યોજાયેલ આ પરિસંવાદમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય દ્વારા પ્રસ્તુત મૂળ ભારતીય સંસ્કૃતિના ચિંતનની યુગાનુકુળ રજૂઆત કરવામાં આવનાર છે. આ રાષ્ટ્રીય પરિસંવાદ ચાર સત્રમાં યોજાશે. જેમાં પહેલા સત્રમાં દિનદયાળ શોધ સંસ્થાના અધ્યક્ષ ડૉ. મહેશચંદ્ર શર્મા સામાજિક પરિપ્રેક્ષ્ય વિષયે ઉદ્‌બોધન કરશે. દ્વિતિય સત્રમાં પુનરુત્થાન વિદ્યાપીઠના સદસ્ય વાસુદેવ પ્રજાપતિ તેમજ તૃતીય સત્રમાં વરિષ્ઠ અર્થશાસ્ત્રી તથા ચિંતક બજરંગીલાલ ગુપ્તા તેમના વક્તવ્યો રજૂ કરશે. સમાપન સત્રમાં ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહી સંબોધન કરશે.

સેક્ટર-૨ મહુડી મંદિર માર્ગ પાસે સ્પીડ બ્રેકરની તાતી જરૂરિયાત

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૨ના મહુડી મંદિર માર્ગ પર બમ્પ મુકવા અંગેની વસાહતીઓએ રજુઆત કરી હોવા છતાં હજુ સુધી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

સે. ૨ના મહુડી માર્ગ પર ત્રણ રસ્તાએ પડતા હોવાથી વારંવાર અકસ્માત સર્જાતા હોય છે. જેથી વસાહતીઓએ માર્ગ-મકાન વિભાગમાં અનેક રજુઆતો કરી પરંતુ આ માર્ગ પર કોઈ બમ્પ મુકવામાં આવેલ નથી જેના કારણે વાહનચાલકો સહિત રાહદારીઓ નાના મોટા અકસ્માતના ભોગ બની રહ્યા છે. આ કારણે આ માર્ગ પર સત્વરે બમ્પ મુકવામાં આવે તેવી આ વિસ્તારના રહીશોમાં ઉઠવા પામી છે.

ક્લોરક્સ પબ્લિક સ્કૂલ, ગાંધીનગરનો પદવીદાન સમારંભ યોજાયો

ક્લોરેક્સ પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે પદવીદાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભનું અધ્યક્ષ સ્થાન મુખ્ય મહેમાન શ્રી રાજેશ ડાકેરવાલ, ડીઆઈજી, સીઆરપીએફ દ્વારા સંભાળવામાં આવ્યું હતું. માનવંતા મહેમાન તરીકે ગાંધીનગરના મેયર શ્રીમતિ હંસાબેન મોદી અને વાસણા ચૌધરીના સરપંચશ્રી ઈન્દ્રસેનસિંહજી હાજર રહ્યા હતા. ૨૩ વિદ્યાર્થી આગેવાનો અને હાઉસ કેપ્ટનનું બેઝ અને ખેસ મારફતે મહાનુભાવોએ સન્માન કર્યું હતું. વિદ્યાર્થી આગેવાનોએ સ્કૂલના ધ્યેયને ખૂબ જ સન્માનપૂર્વક અનુસરવાના શપથ લીધા હતા.

ભાજપ દ્વારા નિઃશુલ્ક ડાયાબીટીસ-બ્લડપ્રેશર તપાસ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા વિના મુલ્યે ડાયાબીટીસ અને બ્લડપ્રેશર તપાસ કેમ્પનો કાર્યક્રમ તા. ૯ ઓગષ્ટને રવિવારે સવારે ૯ થી ૧૧ દરમિયાન સરકારી દવાખાના સે. ૨૭, સે. ૨૯, સે. ૨૨, સે. ૨૪, સે. ૧૬, સે. ૨, પાલજ, જઈબી કોલોની, શોપીંગ સેન્ટર, સે. ૧૩, રામેશ્વર મંદિર સે. ૩, વોર્ડ કચેરી સે. ૭ વગેરે ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવશે. આ કેમ્પનું સંચાલન કનુભાઈ દેસાઈ અને ડૉ. પ્રદીપ ભાવસાર દ્વારા ગાંધીનગરના ૧૧ વોર્ડમાં કરાશે.

ગાંધીનગર સમાચાર

મૂલ્યનિષ્ઠ વાંચન સાથે
મૂલ્યવાન ઉપહારો જીતવાની તક !

તસ્વીરમાં દર્શાવેલી ચીજ-વસ્તુઓ પ્રતિકાત્મક છે.

વિશેષ ઓફર

લાખોના ૧૦૧ જેટલા ઈનામો જીતવાની તક

વાર્ષિક લવાજમ યોજના અંતર્ગત તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૧૫ સુધીમાં નોંધાયેલા ગ્રાહકો માટે વિશેષ ઈનામી ડ્રો

ગાંધીનગર સમાચારનું વાર્ષિક લવાજમ આજે જ ભરો અને આપની કોપી બૂક કરાવો.

ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતાનું અખબાર

684/1, સેક્ટર-8, ગાંધીનગર-382008
ફોન : (079) 23222571, 23237571. ફેક્સ : (079) 23230571